કામમાં ગુણવત્તા, વેતનમાં વધારો... બાંધકામની તાલીમ માટે તમે પધારો...

# બાંધકામ ક્ષેત્રની કૌશલ્ય તાલીમ

## કન્સ્ટ્રક્શન સ્કીલ ટ્રેનીંગ

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાલતા બાંધકામ ક્ષેત્રમાં**
**કામ કરતા શ્રમિકોના કૌશલ્ય વર્ધન માટે**

# ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં તાલીમ



**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર અને**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે**

## બાંધકામ ક્ષેત્રની કૌશલ્ય તાલીમનું મહત્વ

ભારતીય બાંધકામ ઉદ્યોગ વિશ્વ કક્ષાએ વિસ્તાર પામી રહ્યો છે. જેના કારણે ઉત્તમ કક્ષાના કારીગરો, શ્રમિકો અને ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે. જેથી બાંધકામના પ્રોજેક્ટ સલામત, ઝડપી અને ઓછી કિંમતે સંપન્ન થઈ રહ્યા છે.

ભારતના કુલ જી.ડી.પી. દરમાં ૫ ટકા હિસ્સો બાંધકામ ક્ષેત્રનો છે. જે ખેતી ક્ષેત્ર પછી બીજા નંબરે છે. દેશમાં આશરે ૩ કરોડથી વધારે માણસો બાંધકામ ક્ષેત્રની રોજગારી સાથે સંકળાયેલા છે.

બાંધકામ ક્ષેત્રમાં કામ કરી રહેલા કારીગરો અને શ્રમિકો મોટે ભાગે તાલીમ મેળવ્યા વગરના છે. બાંધકામ ક્ષેત્રમાં કૌશલ્ય તાલીમ મેળવેલા કુશળ કારીગરોની અછત છે.

## બાંધકામ ક્ષેત્રની કૌશલ્ય તાલીમની સુવિધા

શહેરીકરણના વિકાસમાં બાંધકામ ક્ષેત્રનો મુખ્ય ફાળો છે. અમદાવાદ શહેર અને તેની આસપાસનો વિસ્તાર ખૂબ જ ઝડપથી વિકસિત થઈ રહ્યો છે. બાંધકામ ક્ષેત્રે ખૂબ જ મોટી સંખ્યામાં અર્ધ કુશળ કે અકુશળ કારીગરો અને શ્રમિકો કામ કરી રહ્યા છે. શહેરીજનોને ઘરબેઠાં સિવીક સેન્ટરની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુથી બાંધકામ ક્ષેત્રની પધ્ધતિસરની કૌશલ્યસભર તાલીમ આપવા માટે અને કારીગરોના કૌશલ્ય સ્તરને ઊંચુ લાવવા માટે રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ - કુબેરનગર, સરખેજ અને દહેગામ ખાતે બાંધકામ ક્ષેત્રની તથા પરિમલ ગાર્ડન ખાતે ગાર્ડનિંગ ક્ષેત્રની કૌશલ્ય તાલીમના ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

આ તાલીમ મેળવ્યા બાદ બાંધકામ ક્ષેત્રે રોજગારી / સ્વ રોજગારીની ઉમદા તકો રહેલી છે. આ અભ્યાસક્રમો થકી અનસ્કીલ્ડ વર્કરને સર્ટીફીકેશન મળતા તેઓની માર્કેટ વેલ્યુ વધશે તેમજ તાલીમ મેળવેલ તમામ ઉમેદવારોનું લીસ્ટ બને ખાતાઓની વેબસાઈટ પર મુકવાનું હોઈ શહેરીજનોને જરૂરત પડે મોબાઈલ ફોનથી તમામ સેવાઓ ઘરબેઠા ઉપલબ્ધ થઈ શકશે. તાલીમ લીધા બાદ મળવાપાત્ર મહેનતાણાના દરમાં પણ વધારો થશે.







## બાંધકામ ક્ષેત્રની કૌશલ્ય તાલીમના ટૂંકાગાળાના અભ્યાસક્રમોની વિગત

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | સમયગાળો | સંસ્થાનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | ફોર્મ વર્ક કાર્પેન્ટરી વીથ ડોકા ફોર્મ વર્ક (મોડ્યુલ-૧) | ૧ માસ | ITI, કુબેરનગર | ધો-૫ પાસ ઈચ્છનીય અથવા લખવા-વાંચવાની ક્ષમતા ધરાવનાર |
| ૨ | કાર્પેન્ટરી વર્ક ઈન ફર્નિચર ફોર્મ વર્ક (મોડ્યુલ-૨) | ૧ માસ | ITI, કુબેરનગર | |
| ૩ | મેસનરી એન્ડ પ્લાસ્ટરીંગ વર્ક (મોડ્યુલ-૧) | ૧ માસ | ITI, સરખેજ, દહેગામ | |
| ૪ | મેસનરી ફોર બિલ્ડીંગ વર્ક (મોડ્યુલ-૨) | ૧ માસ | ITI, સરખેજ, દહેગામ | |
| ૫ | ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ડોમેસ્ટીક પ્લમ્બીંગ (મોડ્યુલ-૧) | ૧ માસ | ITI, સરખેજ, દહેગામ | |
| ૬ | ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ડોમેસ્ટીક પ્લમ્બીંગ (મોડ્યુલ-૨) | ૧ માસ | ITI, સરખેજ, દહેગામ | |
| ૭ | બાર બેન્ડર | ૧ માસ | ITI, સરખેજ, દહેગામ | |
| ૮ | ગાર્ડનર (બોનસાઈ પ્લાન્ટેશન એન્ડ કિચન ગાર્ડનિંગ) | ૧ માસ | ITI, કુબેરનગર, પરિમલ ગાર્ડન | |

### આ કોર્સમાં શું શિખવા મળશે ?

- બાંધકામ ક્ષેત્રમાં જરૂરી સલામતીનું જ્ઞાન
- બાંધકામ ક્ષેત્રમાં વપરાતા મશીનો, સાધનો, મટીરીયલ્સ વગેરેની માહિતી અને તેનો ઉપયોગ
- બાંધકામ ક્ષેત્રની કામગીરીનુ થીયરીકલ અને પ્રેક્ટીકલ જ્ઞાન
- મટીરીયલ્સની હેર-ફેર નુ જ્ઞાન
- અદ્યતન પાવરટુલનો પરિચય

### તાલીમની વ્યવસ્થા

- બાંધકામ ક્ષેત્રે કુશળતા અપાવવાનો સામાજિક હેતુ
- બાંધકામ ક્ષેત્રની ગુણવત્તાસભર તાલીમ માટે વ્યવસ્થા
- આઈ.ટી.આઈ. ખાતે યોગ્ય સાધન સામગ્રી સાથેનું અભ્યાસક્રમ મુજબનુ કન્સ્ટ્રકશન સ્કીલ ટ્રેનીંગ સેન્ટર
- ૧૦ કરતા વધુ ઉમેદવારો એક કોર્સમાં દાખલ થવાથી બેચની તાલીમ શરૂ કરવામાં આવશે.
- તાલીમ ફી રૂા. ૫૦/- પ્રતિ માસ.
- તાલીમના અંતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા રોજગાર અને તાલીમના સંયુક્ત સર્ટિફીકેશન એનાયત કરવામાં આવશે.





## નીચે જણાવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં બાંધકામ ક્ષેત્રની કૌશલ્ય તાલીમના ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| ૧ | આઈ.ટી.આઈ. | કુબેરનગર |
| ૨ | આઈ.ટી.આઈ. | સરખેજ |
| ૩ | આઈ.ટી.આઈ. | દહેગામ |



**પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટેના**

**સંપર્ક સૂત્રો**

નાયબ નિયામક (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ
ફોન નં. (૦૭૯) ૨૨૮૨૨૪૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મો. ૯૩૨૭૦૩૮૭૮૯


**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી**
(ISO 9001:2000 Certified Organization)
બ્લોક નંબર ૧, ત્રીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦ ગુજરાત.
ફોનઃ (૦૭૯) ૨૩૨૫૩૮૦૯
ફેક્સઃ (૦૭૯) ૨૩૨૫૩૮૩૫
Website : www.talimrojgar.org

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
મહાનગર સેવા સદન,
સરદાર પટેલ ભવન, દાણાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૦૧ ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૫૩૯૧૮૧૧
ફેક્સ : (૦૭૯) ૨૫૩૫૦૯૨૬
Website : www.egovamc.com